ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૬/૨૨-૨૩/ 939 તારીખ : 20 MAY 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ભીલ પાંચાભાઈ નારણભાઈ,**
**તળાવ પાસે,**
**મું.ખરેડ,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૧૦૬/૨૨-૨૩

**મો.નં-૭૬૨૨૯ ૮૪૩૫૨**

**વિષય : ખેતીવાડી વપરાશના વિજ કનેકશનના તપાસ કરી બિલીગ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૬/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૬/૨૨-૨૩/e-૧૩૭૫૨૧ તા.૨૧/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૬/૨૨-૨૩/૭૪૪ તા.૧૫/૦૪/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૬/૨૨-૨૩/૮૪૦ તા.૦૧/૦૫/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૦૫/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

Gandhi 2015

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, **મહુવા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
૫.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૬/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી ભીલ પાંચાભાઈ નારણભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૧/૦૫/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી ભીલ પાંચાભાઈ નારણભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા,**
**શ્રી એ.ડી.ખપેડ, સુપ્રિ.ઓફ એકા., વિભાગીય કચેરી, મહુવા તથા**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભીલ પાંચાભાઈ નારણભાઈ, મું.ખરેડ, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી વપરાશના વિજ કનેકશનના તપાસ કરી બિલીંગ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૬/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૬/૨૨–૨૩/e-૧૩૭૫૨૧ તા.૨૧/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૮/૦૪/૨૦૨૩, તથા તા.૧૧/૦૫/૨૦૨૩**ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદીશ્રી ભીલ પાંચાભાઈ નારણભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી એ.ડી.ખપેડ, સુપ્રિ.ઓફ એકા, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદીશ્રી ભીલ પાંચાભાઈ નારણભાઈ, તળાવ પાસે, ખરેડ, તા.મહુવા, જી.ભાવનગર સ્થળે અમારી ખેતીવાડી આવેલ છે. અમો, રૂા.૨૦૦/– રજીસ્ટ્રેશન ચાર્જ જી.એસ.ટી. સાથે ભરી વિજ કનેકશન મંજૂર થયેલ. સદર મંજૂર થયેલ કનેકશન સર્વે મોજણી કરવા આવેલ ત્યારે તેને લીંબડો વૃક્ષનું જાડ દેખાયેલ નહી અને સર્વે કરીને જતા રહેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ મહુવા રૂરલ–૧ કચેરી દ્વારા ૮૦૫૩ નું કવોટેશન આપેલ. જે અમોએ ભરેલ ત્યારબાદ કોન્ટ્રાકટર દ્વારા થાંભલા ઉભા કરી તાર લગાડી જતા રહેલ ત્યારબાદ રૂરલ–૧ માંથી હેલ્પર આવીને મીટર લગાડીને જતા રહેલ અને પાવર સપ્લાય ચાલુ કરેલ નથી. લીબડાનું ઝાડ ડાળીઓ નડતર થવાથી જમ્પર બાંધેલ નહી. વિજ કચેરી પાસે ઝાડની ડાળીઓ કાપવાના માણસો નથી છતાં, મીટર રીડરે કયા આધારે રીડીંગ લખેલ છે.

૧.૩ હજુ વિજ કનેકશન ચાલુ થયેલ નથી તો ૬૫૦ રીડીંગના કટકે કટકે રીડીંગ કેમ બિલમાં બતાવે છે અમોને લીબડા ની ડાળીઓ કપાવી જંપર લગાડી વિજ કનેકશન ચાલુ કરાવવા અને ૬૫૦ રીડીંગના નાણાં ભરેલ તે જમા આપવા હુકમ કરવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહકનું નામ – શ્રી ભીલ પાંચાભાઈ નારણભાઈ

ગ્રાહક નં–૩૭૦૪૮/૦૫૯૪૯/૪

કેટેગરી – A2/7.5 HP

રીલીઝ તારીખ – ૧૭/૦૭/૨૦૨૦

૨.૨ શ્રી ભીલ પાંચાભાઈ નારણભાઈ નું ખેતીવાડી વિજ કનેકશન તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ રીલીઝ કરેલ હતું.

૨.૩ સદર વિજ કનેકશનના સ્થળ પર વાંધો પડેલ હોવાથી કનેકશન રીલીઝ કર્યા તારીખથી અત્યાર સુધી મહુવા રૂરલ –૧ કચેરી દ્વારા સદર કનેકશનના જંપર બાંધેલ નહી અને પાવર ચાલુ કરેલ નથી.

૨.૪ મહુવા રૂરલ–૧ ના મીટર રીડરો દ્વારા માહે માર્ચ–૨૨, મે–૨૨, જુલાઈ–૨૨, સપ્ટેમ્બર–૨૨, નવેમ્બર–૨૨ માં અનુક્રમે ૩૦૦,૧૫૦, ૫૦, ૪૯, ૧૦૦ યુનિટના બિલ આપેલ હતા.

૨.૫ મહુવા રૂરલ–૧ કચેરીના કર્મચારી દ્વારા સદર વાદીના અરજીના અનુસંધાને સદર વિજ કનેકશનનું સ્થળ રોજકામ કરેલ ત્યારે માલૂમ પડેલ કે, ખરેખર સદર વિજ કનેકશનના જંપર લગાડેલ નથી અને મીટરમા વપરાશ ૦ બતાવે છે.

૨.૬ આથી, સદર સ્થળ રોજકામના આધારે વાદીને ૬૫૦ યુનિટ ના રૂા.૩૯૦/– વાદીના લેઝરમાં જમા આપેલ છે તેમજ વાદી દ્વારા બિલના રૂા.૪૦૦૦/– તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ ભરેલ છે. તે વિજ કનેકશન લગાડેલ થી અત્યાર સુધીના ફીકસચાર્જ ની રકમના બાકી નાણાં ભરેલ છે. જેથી, સદર નાણાં જમા આપી શકાય નહી.

૨.૭ મહુવા રૂરલ–૧ કચેરી દ્વારા સદર વિજ કનેકશનના સ્થળ પર રહેલ વાંધો દૂર કરી સદર વિજ કનેકશનના જંપર બાંધીને વિજ કનેકશનનો પાવર ચાલુ કરેલ છે.

૨.૮ આમ, વાદીની સદર ફરીયાદનું નિરાકરણ કરેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી ભીલ પાંચાભાઈ નારણભાઈ, ગામ–ખરેડ, તા.મહુવા ખાતે નવું ખેતીવાડી વિજ કનેકશન લાંબા સમયથી શરૂ ન કરવાની બાબતને લઈને વિવાદ થતા ફોરમને રજૂઆત કરેલ છે.

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

૩.૨ વાદીની રજૂઆતને સાંભળવા તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, બંને પક્ષકારો હાજર રહેલ તેમજ વધુ વિગત માટે પ્રતિવાદીને તા.૧૧/૦૫/૨૦૨૩ ની મુદતમાં હાજર રહેવા જણાવેલ. જેમાં, પ્રતિવાદીના પ્રતિનિધિ હાજર રહેલ.

૩.૩ રજૂ થયેલ રેકર્ડ મુજબ વાદી દ્વારા નવું ખેતીવાડી ૭.૫ હો.પા. નું વિજ કનેકશન ની માંગણી કરતા પ્રતિવાદી દ્વારા જરૂરી કાર્યવાહી કરી તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ કનેકશન રીલીઝ કરેલ હતું. પરંતુ, જંપર બાંધવામાં આવેલ નહી અને પાવર ચાલુ થયેલ ન હતો.

૩.૪ ઉપરોકત પાવર ચાલુ ન થવાના સંજોગોમાં પણ પ્રતિવાદી ના મીટર રીડરો દ્વારા બિલીંગ ચાલુ રાખેલ અને માહે માર્ચ–૨૨, મે–૨૨, જુલાઈ–૨૨, સપ્ટેમ્બર–૨૨, નવેમ્બર–૨૨, દરમ્યાન અનુક્રમે ૩૦૦,૧૫૦, ૫૦, ૪૯, ૧૦૦ યુનિટના બિલો આપેલ છે.

૩.૫ વાદીના વિજ સ્થળની ચકાસણી કરતા, હજુ પણ જંપર લાગેલ નથી અને મીટરમાં ૦ બતાવે છે. વાદી દ્વારા અત્યાર સુધીના ફીકસ ચાર્જ ના નાણાં ભરપાઈ કરી આપેલ છે. જયારે, બાકીના રૂા.૩૪૦/– તેના ખાતામાં જમા થયેલ છે.

૩.૬ પ્રતિવાદીના જણાવ્યા અનુસાર, હાલ વાદીને ફોરમને રજૂઆત કર્યા બાદ તા.૧૨/૦૪/૨૦૨૩ ના સ્થળ વીઝીટ દરમ્યાનના રોજકામ અને જસ્ટીફીકેશન ધ્યાને લીધા બાદ જ જંપર આપવામાં આવેલ છે.

આમ, પ્રતિવાદી દ્વારા તા.૧૭/૦૭/૨૦૨૦ ના રોજ કનેકશન રીલીઝ કર્યા બાદ આશરે અઢી વર્ષ થી વધુ સમય બાદ એપ્રિલ–૨૦૨૩ માં વાદીનો પાવર ચાલુ કરેલ છે. આમ, માત્ર જંપર આપવાના બાકી રાખી વાદીને વિજ પાવર થી વંચીત રાખેલ છે અને વાદીને અગવડતા ભોગવવી પડેલ છે. જે અક્ષમ્ય વિલંબ દર્શાવે છે.

૩.૭ હાલ વાદીના કનેકશનનો પાવર ચાલુ કરી આપવામાં આવેલ છે. પરંતુ, સેવામાં અક્ષમ્ય વિલંબ અને ગ્રાહકને ભોગવવી પડેલ અગવડતા ને ધ્યાને લેતા પેટા વિભાગીય કચેરીના સંબંધિત નાયબ ઈજનેરને રૂા.૧૦૦૦/– નો દંડ કરવામાં આવે છે. તથા તેમની પર કંપનીના નિયમ મુજબ ખાતાકીય કાર્યવાહીનો આથી હુકમ કરવામાં આવે છે. તેમજ થયેલ કાર્યવાહીનો અહેવાલ દિવસ–૭ માં ફોરમને રજૂ કરવો.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(ગેરહાજર)
**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૧૧/૦૫/૨૦૨૩.**